અપીલ અરજી નં.૪૧૮ તા.૨૪–૨–૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૦–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. કોન્ટ્રાકટ બેઈઝથી કર્મચારીઓની ભરતી કરેલ હોય જે અંગે હુકમ, નિયમ, ઠરાવ અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.ર. જે કર્મચારીઓની ભરતી કરેલ તેમની શૈક્ષણિક લાયકાત અંગેની માહિતી . મુદ્દા નં.૩ ભરતી કરેલ કર્મચારીઓની પસંદગી શૈક્ષણિક લાયકાતના કે અનુભવના આધારે કરેલ હોય તે લાયકાત અંગેની માહિતી. મુદ્દા નં.૪. ભરતી કરેલ કર્મચારીઓની જાહેરાત નહીં આપવા તથા તાત્કાલીક સીધી ભરતી અંગેની નકલ. મુદ્દા નં.પ ભરતી કરેલ કર્મચારીઓ અંગેની યાદી પ્રાદેશિક વિનિમય કચેરી તથા અન્ય રોજગાર મંડળ તથા સંઘ પાસેથી મંગાવવા અંગેની માહિતીની નકલ, મુદ્દા નં.૬ ભરતી કરેલ કર્મચારીઓને લઘુતમધારા વેતન હેઠળ, ડેઈલી વેજીસ કે ઉચ્ચક પગાર ધોરણ ભરતી કરેલ હોય તે અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.૭ ભરતી કરેલ કર્મચારીઓની સમય મર્યાદા એક માસ , ૬ માસ , એક વર્ષ કે પાંચ વર્ષ નકકી કરેલ છે તે અંગેની માહિતી. મુદ્દા નં.૮. ભરતી કરેલ કર્મચારીઓને નકકી કરેલ સમય બાદ છુટા કરશો કે કાયમી કરશો જે અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.૯ સાત(૭) ઝોન વાઈઝ કુલ કેટલા કર્મચારીઓની ભરતી કરેલ છે જે અંગે માહિતીની નકલ. મુદ્દા નં.૧૦ ભરતી કરેલ કર્મચારીમાં રોસ્ટરના નિયમોનુસાર એસ.ટી, એસ.સી., સા.શૈ. રીતે પછાત વિકલાંગતા અંગેની ટકાવારીની માહિતીની નકલ, વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૧૮/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૦–૧–૧૦ ની અરજી બાબતે ઈ.ચા. પર્સોનલ ઓફિસર (આર) અને મ. જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.જીએડી/ ઈએસટીઆર/આર/૯૫૫ તા.ર–ર–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.ત્યાર બાદ તા.ર૩–ર–૧૦ ના રોજ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૯૪ બાબતે તા.ર–૩–૧૦ થી બીજીવાર તથા તા.૧૦–૩–૧૦ થી ત્રીજીવાર અધૂરી અને અપૂરતી માહિતીથી નારાજ થઈ તે અંગે અરજદારે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીના મુદ્દા નં.૩,૪,૫ અને ૧૦ અંગેની તથા કલેરીકલ કલાર્ક કર્મચારીઓની ભરતી અંગેની માહિતી આપેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૦૩ તા.૪–૩–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ) તથા અરજદારને અપીલ અરજીમાં અન્ય જાહેર માહિતી અધિકારીએ તેઓની જાણ હેઠળ અરજી તબદીલ થયેલ હોય તો તેની અને તેઓ કક્ષાએથી મળેલી માહિતી પત્રોની નકલોની વિગત તથા તે સામે નારાજગી હોય તો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાનડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ તરફથી જીએડી/ઈએસટી/૧૦૭૦ તા.૮–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, સ.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૪૮૦ તા.રર–૧–૧૦ ના તબદીલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી તરફથી જીએડી/ઈએસટી/આર/૯૫૫ તા.ર–ર–૧૦ થી આપેલ માહિતી પત્રની નકલ રજૂ કરેલ છે. જેના સંદર્ભે ડે.કમિશ્નર(પઅનેઈ) મધ્યસ્થ મહેકમને નં.આરટીઆઈ સેલ/૧૪૩૬ તા.૧૧–૩–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે જાવક નં.જીએડી/ઈએસટી/૪૦૮૮ તા.૧૮–૩–૧૦ થી જણાવવામાં આવેલ છે કે તા.રર–૧–૧૦ થી આઈ ડી નં.૧૩૯ર અને ૧૩૯૩ સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર મહેકમ અને રીક્રૂટમેન્ટને તબદીલ થયેલ જે પૈકી મધ્યસ્થ મહેકમ તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે તા.૧૦–૩–૧૦ થી ત્રીજી અપીલ અરજી જણાવી સાથે પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૯૪ તા.ર૩–ર–૧૦ ની નકલ , સા.સ.ઠ. નં.૨૫૪/૦૫ તા.ર૯–૩–૦૫ ની નકલ, નં.જીએડી/ઈએસટી/રર૦૪ તા.૧૫–૧૦–૦૯ ના હુકમની નકલ, સ્થા.સ.ઠ. નં.૧૮૦૩/૦૬ તા.ર૧–૧ર–૦૬ ના ઠરાવની નકલ, નં.જીએડી/ઈએસટી/૪૬૪૫ તા.ર૪–૧–૦૭ ના હુકમની નકલ, સા.સ.ઠ. નં.૮૦૧/૦૭ તા.ર૪–૯–૦૭ ના ઠરાવની નકલ, નં.જીએડી/ઈએસટી/ર૭રર તા.૮–૧૦–૦૭ ના કચેરી હુકમની નકલ, સ્થા.સ.ઠ. નં.૮૮૩/૦૮ તા.૫–૬–૦૮ ના ઠરાવની નકલ, જીએડી/ઈએસટી/૧૭૧૧ તા.ર–૮–૦૮ ના કચેરી હુકમની નકલ, સા.સ.ઠ. નં.૪૪૦/૦૮ તા.૧૯–૬–૦૮ ના ઠરાવની નકલ, જીએડી/ઈએસટી/ ૬૫૬ તા.૧૧–૬–૦૯ ના કચેરી હુકમની નકલ,સ્થા.સ.ઠ.નં.૯૪૬/૦૮ તા.ર૬–૬–૦૮ ના ઠરાવની નકલ, સા.સ.ઠ.નં.૪૮૮/૦૮ તા.૩૦–૭–૦૮ ના ઠરાવની નકલ, જીએડી/ઈએસટી/રર૦૩ તા.૧૫–૧૦–૦૯ ના કચેરી હુકમની નકલ, સ્થા.સ.ઠ. નં.૭/૦૯ તા.ર–૧–૦૯ ના ઠરાવની નકલ,સ્થા.સ.ઠ.નં.૧૨૫/૦૫ તા.ર૦–૧–૦૫ ના ઠરાવની નકલ, જીએડી/ઈએસટી/૩૯૪૮ તા.૧૬–૧–૦૯ ના કચેરી હુકમની નકલ, સ્થા.સ.ઠ. ૧૫૯ર/૦૯ તા.૧૯–૧૧–૦૯ ના ઠરાવની નકલ, જીએડી/ઈએસટી/ર૯૧૭ તા.૧૮–૧ર–૦૯ ના કચેરી હુકમની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૦–૧–૧૦ થી અરજદારની મુદ્દા નં.૧થી ૧૦ ઉપરોકત વિષય બાબતે માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર/આર મહેકમ સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર મહેકમ અને રીક્રૂટમેન્ટને સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૪૮૦ તા.૨૨–૧–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. જે અંગે પર્સોનલ ઓફિસર રીક્રૂટમેન્ટ અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૫૫ તા.૨–૨–૧૦ થી " કોન્ટ્રાકટ બેઈઝથી કર્મચારીઓની ભરતી બાબતેની માહિતી માંગતી મુદ્દા નં.૧ થી ૧૦ ની અરજી અન્વયે મધ્યસ્થ મહેકમ/આર ની કચેરીને લાગુ પડતું નથી જેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી. તેવી માહિતી અરજદારને આપેલ છે. જે બાબતે અરજદારે તા.૨૪–૨–૧૦ થી અપીલ અરજી કરી નમુના–ખ કે ગ માં કોઈ પ્રતિભાવ મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ. ત્યાર બાદ અરજદારે અપીલ તબકકે તા.૨–૩–૧૦ થી અધૂરી અને અપૂરતી માહિતીથી નારાજ છીએ તેમજ અપીલ દાખલ કર્યા બાદ માહિતીની નકલ મોકલી છે તેવું જણાવી બીજીવાર અપીલ કરેલ છે.ત્યાર બાદ તા.૧૦–૩–૧૦ ના રોજ સદર વિગત સાથેના પત્રમાં તા.૨૩–૨–૧૦ ના રોજ નં.જીએડી/ઈએસટી/૩૭૯૪ તા.૨૩–૨–૧૦ ના રોજ માહિતીની નકલ આપેલ છે. જેમાં મુદ્દા નં.૩,૪,૫ અને ૧૦ તથા કલેરીકલ કલાર્ક કર્મચારીઓની ભરતી અંગેની માહિતી આપેલ નથી તેવું ત્રીજીવાર કરેલ અપીલમાં જણાવેલ છે.

ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૦–૧–૧૦ ની અરજી બાબતે પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૯૪ તા.૨૩–૨–૧૦ થી સદર અરજી બાબતે રકેર્ડ ઉપર ઉપલબ્ધ માહિતીની નકલો આ સાથે સામેલ છે જે તે કોન્ટ્રાકટની જગ્યાએ નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવેલ છે. જેમાં અરજદારે મળેલી માહિતીમાં કોન્ટ્રાકટની જગ્યાએ નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારોને નિમણૂંકમાં સ્પે. પ્રોજેકટ ઓફિસર ,સ્વીમીંગકોચ, લાઈફ સેવર, સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર પ્લાનીંગ આસી. ડ્રાઈવર કમ એનાઉન્સર ગાઈડ, લેડીસ સ્વીમીંગ કોચ એન્ડ સેવર વિગેરે ની નકલ રજૂ કરેલ છે પરંતુ અરજદારે મુદ્દા નં.૩ ભરતી કરેલ કર્મચારીઓની પસંદગી શૈક્ષણિક લાયકાતના કે અનુભવના આધારે કરેલ હોય તે લાયકાત અંગેની માહિતી. મુદ્દા નં.૪. ભરતી કરેલ કર્મચારીઓની જાહેરાત નહીં આપવા તથા તાત્કાલીક સીધી ભરતી અંગેની નકલ. મુદ્દા નં.૫ ભરતી કરેલ કર્મચારીઓ અંગેની યાદી પ્રાદેશિક વિનિમય કચેરી તથા અન્ય રોજગાર મંડળ તથા સંઘ પાસેથી મંગાવવા અંગેની માહિતીની નકલ, મુદ્દા નં.૧૦ ભરતી કરેલ કર્મચારીમાં રોસ્ટરના નિયમોનુસાર એસ.ટી, એસ.સી., સા.શૈ. રીતે પછાત વિકલાંગતા અંગેની ટકાવારીની માહિતીની નકલ તથા કલેરીકલ કલાર્કની ભરતી અંગેની માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જે પૈકી મુદ્દા નં.૩ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ વિવિધ ઠરાવોમાં સમાવિષ્ટ થયેલ જોવા મળે છે તેથી તે અંગે અરજદારના તકરારી દાવાને સમર્થન મળતું નથી. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત જણાવ્યા મુજબની મુદ્દા નં.૪,૫ તથા ૧૦ ની તથા કલેરીકલ કર્મચારીની ભરતી અંગે અપીલમાંના અરજદારના દાવા અનુસાર તે અંગે કોઈ દફતરી વિગત ઉપલબ્ધ હોય તો તેની નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)...જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,